# VGRC રાજકોટમાં ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, ૧૫૦૦થી વધુ એમઓયુની શક્યતા



રાજકોટ: રાજકોટમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન ગુજરાતના વિકાસ ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાવાની તૈયારી છે. ૧૧ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર આ પાંચ દિવસીય મહાપ્રદર્શન દરમિયાન રિવર્સ બાયર્સ-સેલર મીટ અંતર્ગત ૧૫૦૦થી વધુ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, જ્યારે ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીમાં ૧૮૦૦થી વધુ ઇરઇ માટિંગ્સ યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ

રાજકોટ ખાતે આ પાંચ દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશનનું ભવ્ય ઉદઘાટન કરશે. ઉદઘાટન બાદ યોજાનાર કોન્ફરન્સ સત્ર રાજકોટને વૈશ્વિક વ્યાપાર, રોકાણ અને સહયોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે, જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ એકત્રિત થશે. ૨૬,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં ૪૦૦ થી વધુ પ્રદર્શકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. કૃષિ અને ખાદ્ય પ્રોસાસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયારિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રુપ, નાયરા એનર્જી, જ્યોતિ સીએનસી સહિતના અગ્રણી કોર્પોરેટ્સની મજબૂત હાજરી રહેશે. રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ સ્થાનિક લઘુઉદ્યોગ, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન ૧૮૦૦ થી વધુ બીટુબી માટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦૦ થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મીટમાં યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૬ થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, જેમાં એન્જિનિયારિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે.

આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે, જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને એમએસએમઈ પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે. જેમાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે. આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે, જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને સ્જીઈ પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે.

# વિદેશી મહેમાનોને આવકારવા રાજકોટ સજ્જ

## રાજકોટમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવોને સાત સ્થળે ફરવા લઈ જવાશે



રાજકોટ

રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદ્વાટન થનાર છે. આ સમિટમાં વિશ્વના ૪૦ જેટલા દેશના પ્રતિનિધિઓ અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેવાના હોવાથી શહેરમાં ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

વિદેશી મહેમાનોના નિવાસ માટે શહેરની ૧૫ જેટલી મહામૂલી હોટેલમાં કુલ ૩૫૦ જેટલા રૂમોનું બુકિંગ અગાઉથી જ કરી દેવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેનારા વિદેશી મહેમાનોને રાજકોટના હેરિટેજ અને આકર્ષક સ્થળોની મુલાકાત કરાવવાનું આયોજન વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

આ માટે ૪૦૦ જેટલી લક્ઝુરિયસ કાર રેસકોર્સના મેદાનમાં તૈનાત કરી દેવાઈ છે. જો કોઈ મહેમાનને સાસણ ગીર કે સોમનાથની મુલાકાત લેવાની ઈચ્છા હોય તો તેની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા ગોઠવવામાં આવશે.

વિદેશી મહેમાનોને અટલ સરોવર, કબા ગાંધીનો ડેલો, મહાત્મા ગાંધી મ્યુઝિયમ, કાલાવડ રોડ પર આવેલું સ્વામિનારાયણ મંદિર, પ્રદ્યુમન પાર્ક ઝૂ સહિત શહેરના કુલ ૧૧ જેટલા હેરિટેજ અને આકર્ષક સ્થળોની મુલાકાત કરાવવામાં આવશે.

# રાજકોટ બન્યું રાજ્યનું ત્રીજું સૌથી ઠંડુ શહેર

## ૭ દિવસમાં બીજીવાર રાજકોટમાં સિઝનનું સૌથી ઓછું ૯.૪ ડિગ્રી તાપમાન, બપોરે ઠંડા પવન ફૂંકાયા

રાજકોટ :રાજકોટવાસીઓ માટે શુક્રવારનો દિવસ સિઝનનો સૌથી ઠંડો દિવસ સાબિત થયો છે. ૭ દિવસમાં બીજીવાર રાજકોટમાં સિઝનનું સૌથી ઓછું ૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતા ૩.૧ ડિગ્રી ઓછું છે.અગાઉ ૩ જાન્યુઆરીએ પણ શહેરનું લઘુતમ તાપમાન ૯.૪ ડિગ્રી નોંધાયું હતું. લઘુતમ તાપમાન નીચું જવાની સાથે બપોરે પણ ઠંડા પવનો ફૂંકાતા લોકોએ ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડ્યો હતો.

રાજકોટનું મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયું હતું, જેના કારણે દિવસ અને રાત્રિના તાપમાનમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. શુક્રવારે શહેરમાં ૧૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ઠંડા પવન ફૂંકાતા લોકો ઠુંઠવાયા હતા.ગુજરાતમાં શિયાળો હવે જાણે ફોર્મમાં આવી ચૂક્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થતા જનજીવન પ્રભાવિત થયું છે. રાત્રિના સમયે હાડ થીજવતી ઠંડી અને વહેલી સવારે ગુલાબી ઠંડીના બદલે હવે કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, કચ્છનું નલિયા ૪.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડુંગાર શહેર નોંધાયું છે. આ તાપમાન ચાલુ સિઝનનું સૌથી નીચું તાપમાન છે. સૌરાષ્ટ્રમાં પણ ઠંડીએ ભુક્કા બોલાવ્યા છે, જેમાં અમરેલી ૮.૬ ડિગ્રી સાથે બીજા ક્રમે રહ્યું છે. જ્યારે રાજકોટ ૯.૪ ડિગ્રી સાથે રાજ્યનું ત્રીજા નંબરનું સૌથી ઠંડું શહેર બન્યું છે.

નિષ્ણાતોના મતે, અચાનક તાપમાન ગગડવાથી શરદી, ઉધરસ અને વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો થઈ શકે છે. ખાસ કરીને વહેલી સવારે વોકિંગમાં જનારા વૃદ્ધો અને બાળકોએ કાન અને



છાતી ઢંકાય તે રીતે ગરમ કપડાં પહેરવા હિતાવહ છે.

# રાજકોટમાં હૃદયરોગના હુમલા યથાવત : વધુ ચારનાં મોત



## શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે હાર્ટએટેકના હુમલાએ ઉપાડો લીધો

રાજકોટ,રાજકોટમાં ચાર લોકોના હૃદય થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં બે યુવાન અને બે આધેડને આવેલો હાર્ટએટેક જીવલેણ નિવડયો છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતાં રાજુ કૃષ્ણભાઈ ટમતા નામનો ૨૧ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મૃતક યુવાન મુળ નેપાળનો વતની હતો અને ચાર ભાઈ બે બહેનમાં વચેટ હતો.પ્રાથમિક પુછપરછમાં મૃતક રાજુ ટમટાનો નાનો ભાઈ જોગીયા કૃષ્ણભાઈ ટમટા પોતાના વતન નેપાળમાં આંટો મારવા ગયો હતો અને તે નેપાળથી પરત રાજકોટ આવી રહ્યો હતો.ત્યારે જયપુર પહોંચતાં તેને છાતીમાં દુઃખાવો ઉપડયો હતો. જ્યાં જયપુરની હોસ્પિટલમાં જોગીયા ટમટાનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યુંહતું. નાના ભાઈના મોતના સમાચાર સાંભળી મોટાભાઈ રાજુ ટમટાનું હૃદય બેસી ગયું હોવાનું જાણવા મળ્યું છે .બીજા બનાવમાં રાજકોટના યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોકમાં રહેતા જગત પ્રેમસિંગ ઠાકુર નામનો ૪૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે હાર્ટએટેક આવતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.

ત્રીજા બનાવમાં રાજકોટના ૪૦ ફુટ રોડ પર આવેલી જલારામ સોસાયટીમાં રહેતાં અને સરકારી સ્કૂલમાં પ્યુન તરીકે ફરજ બજાવતાં કિરીટભાઈ કુરજીભાઈ ચૌહાણ (ઉ.૫૯)ને હૃદયરોગનો હુમલો આવતાં સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતાં. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક તપાસમાં મૃતક કિરીટભાઈ ચૌહાણ ત્રણ ભાઈ ચાર બહેનમાં નાના હતાં અને તેમને સંતાનમાં બે પુત્ર છે. આ ઉપરાંત ચોથા બનાવમાં રાજકોટની ભાગોળે આવેલા લીલી સાજડીયાળી ગામે રહેતાં ધીરૂભાઈ ગોવિંદભાઈ પાનસુરીયા નામના ૫૫ વર્ષના આધેડ બપોરના સમયે પોતાના ઘરે હતા ત્યારે બે ભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી ધીરૂભાઈ પાનસુરીયાનું હાર્ટએટેકથી મોત નિપજ્યાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં ધીરૂભાઈ બે ભાઈ ત્રણ બહેનમાં મોટા હતાં અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આજે વડાપ્રધાન મોદી હિરાસર એરપોર્ટ પર કરશે ટુંકાં રોકાણ બાદ હેલીકોપ્ટર મારફતે સોમનાથ જશે

રાજકોટ : સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથના સ્વાભિમાન પર્વ તેમજ રાજકોટની મારવાડી યુનિ. ખાતે આયોજીત વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ સમિટ સૌરાષ્ટ્ર-કચ્છ ૨૦૨૬માં સહભાગી બનવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસના સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા હોય આ અંગેની તૈયારીઓને વહીવટી તંત્ર દ્વારા ઓખરીઓપ આપી દેવામાં આવેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બપોરના ૩-૩૦ વાગ્યાની આસપાસ ખાસ ફલાઈટમાં રાજકોટના આંતરરાષ્ટ્રવીય ગ્રીનફિલ્ડ હિરાસર એરપોર્ટ ખાતે આવી પહોંચશે. જે બાદ તેઓ ૧૦ મિનીટનું ટુંકુ રોકાણ કરી તેઓ



હેલીકોપ્ટર મારફત યાત્રાધામ સોમનાથ જવા રવાના થનાર છે.

આ પ્રસંગે હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે. વડાપ્રધાનના સ્વાગતમાં રાજ્ય સરકારના કેબીનેટ મંત્રીઓ તેમજ રાજકોટ કલેકટર ડો.ઓમપ્રકાશ સહિત ટોચના સનંદી અધિકારીઓ જોડાનાર છે.

# કામે રહ્યાના ચોથા દિવસે જ કારીગર રૂા. ૩૬.૫૧ લાખનું સોનુ ચોરી ફરાર

## રાજકોટમાં વધુ એક વેપારીનું સોનુ કારીગર લઈ ગયો વેપારી થોડીવાર માટે નાસ્તો કરવા ઘરે જતાં પાછળથી કારીગર ૭ જ મિનિટમાં તિજોરી સાફ કરી ગયો

રાજકોટ, : રાજકોટના વેપારીઓનું સોનુ લઈ અગર તો ચોરી કારીગરો ભાગી જતાં હોવાના કિસ્સા અટકવાનું નામ નથી રહ્યા. વધુ એક વેપારીનું રૂા. ૩૬.૫૧ લાખનું સોનુ ચોરી પશ્ચિમ બંગાળનો કારીગર અક્ષય બાઉળી ભાગી ગયાની એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે આરોપીને ઝડપી લેવા દોડધામ શરૂ કરી છે.

સોની બજારના દરબારગઢ ચોકમાં રહેતા કલ્પેશભાઈ મથુરભાઈ કાતરિયા (ઉ.વ. ૩૪) ઘરની નીચેના ભાગે માણેક ગોલ્ડ કોસ્ટિંગ નામે કારખાનુ રાખી સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે. તેણે પોલીસને જણાવ્યું કે બારેક વર્ષ પહેલા તે સુરતની ઝવેરી પેઢીમાં નોકરી કરતા હતા ત્યારે આરોપી સાથે સંપર્ક થયો હતો. છેલ્લા નવેક વર્ષથી તેણે ઘર નીચે સોનાના દાગીના બનાવવાનું કામ શરૂ કર્યું હતું. ગઈ તા. ૧ જાન્યુઆરીના રોજ આરોપીએ તેના કારખાને આવી કામે રાખવાનું કહેતા પરિચિત હોવાથી કામે રાખી દીધો હતો. આરોપી ત્યારે રામનાથપરા શેરી નં. ૧૪માં રહેતો હતો. ગઈ તા. ૪ જાન્યુઆરીના રોજ સવારે રાબેતા મુજબ તેણે કારખાનુ ખોલ્યું હતું. થોડીવાર બાદ પત્ની ત્રિગુણાએ કોલ કરી નાસ્તો કરવા બોલાવતા ઘરે નાસ્તો કરવા ગયા હતા.

નાસ્તો કરતા હતા ત્યારે ઘરની બેલ વાગતા પત્ની ત્રિગુણાએ નીચે જઈ દરવાજો ખોલ્યો હતો. આવીને કહ્યું કે આરોપી કામે આવ્યો છે. તે વખતે તેને યાદ આવ્યું કે કારખાનાની તિજોરીમાં જ ચાવી રહી ગઈ છે. જેથી તત્કાળ કારખાનામાં પહોંચતા આરોપી જોવા મળ્યો ન હતો. તિજોરીમાં જોતાં પાર્ટી તરફથી આવેલું ૨૭૦.૨૮૦ ગ્રામ શુધ્ધ સોનુ અને



૩૮.૭૪૦ ગ્રામ ૧૮ કેરેટ સોનાનો ભૂક્કો ગાયબ હતો. આ રીતે આરોપી માત્ર ૭ મિનિટમાં જ સોનુ ચોરી ભાગી ગયો હતો.

# પોલીસ ભરતી માટે પ્રેક્ટિસ કરતા ટીઆરબી જવાનનું હાર્ટએટેકથી મોત

અમરેલી, : રાજ્યમાં નાની વયના યુવાનોમાં હાર્ટએટેકના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે, ત્યારે જાફરાબાદમાં વધુ એક આશાસ્પદ યુવાનનું હૃદયરોગના હુમલાથી મોત થયું છે. જાફરાબાદમાં ટ્રાફિક બ્રિગેડ (ટીઆરબી)માં ફરજ બજાવતા અને પોલીસ ભરતીની તૈયારી કરી રહેલા ૨૪ વર્ષીય યુવાનનું ચાલતા-ચાલતા હાર્ટએટેક આવતા મોત નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જાફરાબાદમાં રહેતા હર્ષ મકવાણા (ઉં. ૨૪) નામના યુવાનને સવારના સમયે વોકિંગ કરતી વખતે અચાનક છાતીમાં સખત દુખાવો ઉપડ્યો હતો. યુવાનની તબિયત લથડતા તેને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાનની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે જાફરાબાદથી રાજુલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી રહ્યો હતો. જોકે, કિસ્મતને કંઈક જુદું જ મંજૂર હતું. રાજુલા પહોંચતા પહેલા રસ્તામાં જ હર્ષે અંતિમ શ્વાસ લીધા હતા. હોસ્પિટલ પહોંચતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક હર્ષ મકવાણા જાફરાબાદમાં ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતો હતો અને સાથે-સાથે તે પોલીસ ભરતી માટેની સખત તૈયારી પણ કરી રહ્યો હતો. ખાખી વર્દી પહેરવાનું તેનું સ્વપ્ન પૂરું થાય તે પહેલા જ કાળનો પંજો તેને ખેંચી ગયો હતો. માત્ર ૨૪ વર્ષની નાની ઉંમરે ઘરના જુવાનજોધ દીકરાના મોતથી મકવાણા પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# ગોંડલમાં ડેપ્યુટી કલેકટર કચેરીને ઉડાવી દેવાની ધમકી પોકળ પુરવાર


ગોંડલ, ગોંડલની ડેપ્યુટી કલેકટર કચેરીમાં બોમ્બ મુક્યાનો ઈમેઈલ મળતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ પોલીસને કરાતા ડોગ સ્કવોડ સાથે પોલીસ કાફલો દોડી આવી કચેરીનાં ખુણે ખુણામાં સઘન ચેકિંગ કર્યુ હતુ. પણ ક્યાંય બોમ્બ મળી ન આવતા કર્મચારીઓએ હાશકારો અનુભવ્યો હતો.ડેપ્યુટી કલેકટર રાહુલ ગમારા અને અન્ય અધિકારીઓ રાજકોટ વાઈબ્રન્ટ સમિટમાં હતા. દરમ્યાન કોમ્પ્યુટર ઓપરેટર શૈલેષભાઈ વિરાણી રોજીંદા ક્રમ મુજબ ઈમેઈલ ચેક કરી રહ્યા હતા ત્યારે એક મેઈલ જોઈ ચોંકી ઉઠયા હતાં. મેઈલમાં લખ્યુ હતુ કે, 'મદુરાઈ મસ્જિદને ખલેલ પહોંચાડતા નહી ૩ સિલિકોન બોમ્બ મુક્યા છે' શૈલેષભાઈએ તુરંત ડેપ્યુટી કલેકટર ગમારાનું ધ્યાન દોરી તેમની સુચના મુજબ પોલીસને જાણ કરી હતી. અજાણ્યા ઈમેઈલ બાદ રાજકોટથી એસઓજી ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને સુરક્ષા એજન્સીઓ સતર્ક બની હતી.

PGVCL PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED PGVCL
Regd. & Corporate Office: Off Nana Mava Main Road, Laxminagar, Rajkot – 360 004
Telephone: (0281) 2380425-27 e-mail: info.pgvcl@gebmail.com


પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમિત કચેરી- રાજકોટ તરફથી ઉતરાયણ નિમિતે સલામતીનો સંદેશ

માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉત્તરાયણ પર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો / મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા નમ્ર વિનંતી છે.

- પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તો તેને લેવા માટે થાંભલા/ઝાડ કે અન્ય વિજતારની નજીકના સ્થળ પર ચઢશો નહી. વીજળીના તાર કે કેબલને અડકશો નહિ.
- વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહી. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં શોર્ટ સર્કીટ થવાની, તાર તુટી જવાની, અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો (ઉપકરણો) બળી જવાની સંભાવના રહે છે.
- વીજ ટ્રાન્સફોર્મર, વીજ પોલ કે વીજળીના તારમાં અથવા તો વીજળીના તાર નજીકના ઝાડમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડ/ધાતુ ના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે.
- ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે.
- નજીવી કિંમતના પતંગ માટે આપની અનમોલ કિંમતી જિંદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો.
- ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર/કેબલને નુકશાન થઈ શકે છે, જેથી વીજવિક્ષેપ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે.
- વીજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીક થી પતંગ ઉડાડશો નહી.
- વીજ માળખાને લગતી કોઈ પણ ફરીયાદ નોંધવા માટે નીચેના ટોલ ફ્રી નંબર નો ઉપયોગ કરવો. ૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ અથવા વોટ્સએપ નંબર:+૯૧ ૯૫૧૨૦ ૧૯૧૨૨



નસીબ બચાવે કોઈકવાર સુરક્ષા બચાવે વારંવાર



જીવંત વીજરેષા સાથે રમત એટલે જિંદગી સાથે રમત

ઉપરોક્ત સુચનો યાદ રાખી અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા.

મુખ્ય ઈજનેર (ટેકનીકલ)
પીજીવીસીએલ, રાજકોટ

!! સાવચેતી એ જ સલામતી !!